વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

જોવિયલ જે. ક્રિસ્ટી
(૧૯૫૦) ફોન. ૨૩૨-૨૪૧૦૩

આવતીકાલે મહેસાણામાં પાટીદાર સંમેલન યોજાશે

મહેસાણા, તા. ૬

આર્થિક, શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે સમૃધ્ધ એવા પાટીદાર સમાજને રાજયમાં શાસક પક્ષ દ્વારા હાંશિયામાં ધકેલી દેવાયા હોવાની લાગણી અને ખેડૂતોના વીજળી, ખાતર જેવા પ્રશ્નોને વાચા આપવાના સંકલ્પ સાથે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે મ્યુ. ગ્રાઉન્ડમાં આવતીકાલ તા. ૮મી જૂન ૨૦૧૨ને શુક્રવારના રોજ સાંજે ૫ કલાકે કોંગ્રેસ પ્રેરિત પાટીદાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પાટીદાર સંમેલનમાં કેન્દ્રીય મંત્રી દિનશા પટેલે, પૂર્વપ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થ પટેલ, નરહરિ અમીન, અગ્રણી હિમાંશુ પટેલ, નટુભાઈ પટેલ, જીવાભાઈ પટેલ, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે અને ગુજરાતમાં પટેલ સમાજના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે અને આગામી સમયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર સમાજની ભૂમિકા અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે તથા આ સંમેલનમાં ૧ લાખથી વધારે પાટીદાર જોડાશે તેમ આયોજકોએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

ગાંધીનગરમાં આવતીકાલે અમદાવાદના રીક્ષા ચાલકોની રેલી

ગાંધીનગર, તા. ૬

સી.એન.જી. ઉપર લેવાતો ૧૫ ટકા વેટ રિક્ષા ચાલકો માટે નાબુદ કરવા, સીએનજીનો ભાવ વધારો પાછો ખેંચવા, નવી રિક્ષા માટેની પરમીટ ઉપર પ્રતિબંધ મૂકવા તથા ૧૮ લાખ રિક્ષા ચાલકો અને તેમના કુટુંબીજનોના કલ્યાણ માટે રાજય સરકાર કલ્યાણ બોર્ડની રચના કરે તેવી માંગણીઓ સાથે ૮મી જૂન ૨૦૧૨ને શુક્રવારે અમદાવાદથી ગાંધીનગર સુધી રિક્ષા ચાલકોની રેલી યોજાશે. રિક્ષા ચાલકના પ્રશ્નોની માંગણી કરતી આ રેલીને ગાંધીનગર રિક્ષા ચાલકોએ ટેકો જાહેર કર્યો છે અને તેઓ પણ આ રેલીમાં જોડાશે.

સામાન્ય ઓટો રિક્ષાચાલક આંદોલન સમિતિના મુખ્ય કન્વીનર અશોક પંજાબીએ માહિતી આપતા જણાવ્યું છે કે, રિક્ષાઓની રેલીને ગાંધીનગર રિક્ષા એસોસિએશને ટેકો આપ્યો છે અને તેઓ પણ રિક્ષા ચાલકોના પ્રશ્નોની માંગણી સંદર્ભે આ રેલીમાં જોડાશે. રેલીમાં સામેલ રિક્ષા ચાલકો રાજયના મુખ્યમંત્રીને મળી આવેદનપત્ર આપશે. રાજય સરકાર રિક્ષા ચાલકોની માંગણીઓ અંગે યોગ્ય જવાબ નહીં આપે તો રાજયના તમામ રાજકીય પક્ષો અને સંગઠનોનો ટેકો માંગશે તથા જરૂર પડે તો અમદાવાદ સહિત સુરત, વડોદરા અને રાજકોટની મુલાકાત લઈ ગુજરાત વ્યાપી રિક્ષા હડતાલનું એલાન કરશે એમ સામાન્ય ઓટો રિક્ષા ચાલક આંદોલન સમિતિએ જણાવ્યું છે.

ટોલ ડુંગરી પાસે જીપ અકસ્માતમાં જીપ ચાલકનું મોત

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ સ્થળોએ ગત રોજ બે માર્ગ અકસ્માતો સર્જાયા હતા. જેમાં બે વ્યકિતઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા. આ બંને ઘટના સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ટોલ ડુંગરી ગામ નજીક મંગળવારના રોજ બપોરે એક ટેમ્પો ચાલકે તેનો ટેમ્પો રોંગ સાઈડમાં હંકારી સામેથી આવતી જીપને ટકકર મારતા જીપ ચાલક કાન્તિભાઈ પુનાભાઈ પટેલ રહે. કુંડોળ ગામ વાળાને શરીરે ગંભીર ઈજાઓ થતા જ ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજયું હતું.

જયારે અન્ય એક અકસ્માતમાં પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ગામ નજીક ગત રોજ સાંજના ૪ વાગ્યાના સુમારે માર્ગ પાસે ભેંસો ચરાવતા બબાભાઈ ગણેશભાઈ પટેલને ટેમ્પા ચાલકે બેફામ ટેમ્પો હંકારી પાછળથી બબાભાઈને ટકકર મારતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા જેથી તેઓને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમની હાલત વધુ નાજુક જણાતા અમદાવાદ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજયું હતું. આ બંને ઘટનામાં વિજયનગર અને પ્રાંતિજ તાલુકા પોલીસે ગુનો નોંધી અલગ અલગ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં પંજાબ નેશનલ બેંકમાં પર્યાવરણ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

પંજાબ નેશનલ બેંક અમદાવાદ સર્કલ દ્વારા બી.એસ.એફ. કેમ્પસ ફ્રન્ટીયર મુખ્ય કાર્યાલય ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પંજાબ નેશનલ બેંક અમદાવાદના સર્કલ હેડ હિમાંશુ જોષી, પી.એસ.ઓ. ડી.આઈ.જી. એસ.કે. વર્મા અને બી.એસ.એફ. ગાંધીનગર હેડ કવાર્ટર આઈ.જી. એ.કે. સિન્હા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મુખ્ય કાર્યાલય ખાતે વિવિધ છોડવાઓ અને રોપાઓ વાવ્યા હતા અને પર્યાવરણ જાળવણીની ખેવના વ્યકત કરી હતી.

રાજયના કેટલાક વિસ્તારોમાં ખેડુતોએ વાવણી કાર્યનો કરેલો આરંભ

ગાંધીનગર, તા. ૬

ચોમાસા દરમિયાન ખરીફ પાકોના વાવેતર માટે ખેડૂતો દ્વારા તેમની જમીન તૈયાર કરીને ખેડવાનું કામ શરૂ કરી દીધું છે. કેટલાક વિસ્તારમાં તો વાવણી કાર્યનો પ્રારંભ થઈ જવા પામ્યો છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં ૧૫મી જુનની આસપાસ ચોમાસુ બેસે છે અને પ્રથમ વરસાદ દરમિયાન વાવણી કાર્ય શરૂ કરવામાં આવતું હોય છે. આથી વાવણી માટે ખેડુતો દ્વારા તેમની જમીનોને ખેડીને તૈયાર કરી દેવામાં આવી છે.

રાજયમાં જે જે વિસ્તારમાં સિંચાઈ માટેના પાણીની સુવિધા ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં તો કેટલાક ખેડુતોએ વાવણીકાર્ય પણ શરૂ કરી દીધું છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલ રાજયમાં ૪૩ હેકટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થઈ જવા પામ્યું છે જયારે રાજયના ૧૩૦ હેકટર વિસ્તારમાં કપાસનું, ૧૮૪ હેકટર વિસ્તારમાં શાકભાજીનું, ૧૧૯ હેકટરમાં ઘાસચારાનું વાવેતર થવા પામ્યું છે.

રાજયના ખરીફ પાકોના સરેરાશ ૮૭૯૭૮ હેકટર વાવેતર વિસ્તાર સામે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૪૬૯ હેકટરમાં વાવેતર થયું હતું જયારે આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૪૭૬ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

૭ થી ૨૨ જૂન દરમ્યાન ભાજપ દ્વારા સમગ્ર દેશમાં મોંઘવારી વિરૂદ્ધ જનસંઘર્ષ અભિયાન

અમદાવાદ, તા. ૬

ભાજપાના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટી દ્વારા મોંઘવારી વિરૂદ્ધ સમગ્ર દેશમાં તા. ૭ જૂનથી ૨૨ જૂન દરમ્યાન 'જનસંઘર્ષ અભિયાન' હાથ ધરાશે. કેન્દ્રની કોંગ્રેસ સરકારે તાજેતરમાં કરેલા પેટ્રોલના રૂ. ૭.૫૦ ભાવવધારાને જ્યાં સુધી સરકાર પરત ન ખેંચે ત્યાં સુધી ભાજપા આંદોલન કરશે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે કોંગ્રેસની આગેવાની હેઠળની લકવાગ્રસ્ત યુપીએ સરકારની અણઘડ નીતિઓ અને ભ્રષ્ટાચારના કારણે સમગ્ર દેશ મોંઘવારીગ્રસ્ત બન્યો છે. પ્રજાનું જીવન દોહ્યલું બન્યું છે. જન સામાન્યને સ્પર્શતી અને પીડતી આ મોંઘવારી વિરૂદ્ધ કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં બે અઠવાડિયા એટલે કે તા. ૭ જૂનથી ૨૨ જૂન દરમ્યાન વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે.

ગાંધીનગરમાં રોટરી ક્લબ દ્વારા ૧૦મીએ હૃદયરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૬

રોટરી કલબ, ગાંધીનગર અને સિમ્સ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે ગાંધીનગર શહેર અને જિલ્લાના નાગરિકોના લાભાર્થે તા. ૧૦મી જૂન ૨૦૧૨ને રવિવારે સવારે ૯.૩૦ થી ૨ કલાક દરમિયાન રોટરી ફિઝીયોથેરાપી સેન્ટર પંચદેવ મંદિર પાછળ, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે હૃદય રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

હૃદય રોગ નિદાન કેમ્પમાં ગાંધીનગરના નામાંકિત ડોકટરો ડૉ. હેમાંગ બક્ષી, ડૉ. ધવલ નાયક, ડૉ. કશ્યપ શેઠ, ડૉ. આસુતોષ સિંધ, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. ચિરાગ પટેલ, ડૉ. ગુંજન જૈન, ડૉ. પરાગી ગાંધી ખાસ સેવા આપશે અને હાઈ બ્લડપ્રેશર હોય, હાઈ ડાયાબીટીશ હોય, અગાઉ એટેક આવી ગયો હોય, એન્જીયોગ્રાફી, એન્જીયો પ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરાવી હોય, વાલ્વની બીમારી હોય કે પછી જન્મજાત હૃદયની બિમારી હોય ખોડ ધરાવતા બાળકો કે છાતીમાં દુખાવો, ગભરામણ, વારંવાર પસીનો છૂટવો, ચકકર આવવાં વગેરે તકલીફોથી પીડાતા વ્યકિતઓની તપાસ કરવામાં આવશે.

સમસ્ત સૌરાષ્ટ્ર અનુ. જાતિ સેવા સમાજના તેજસ્વી તારલાઓનો ૧૦મીએ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૬

સૌરાષ્ટ્રના વતની અને ગાંધીનગર ખાતે રહેતા અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓ અને નિવૃત્ત કર્મચારીઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૧૦મી જૂન ૨૦૧૨ને રવિવારે બપોરે ૩.૩૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે.

સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચિત જાતિ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સરકારી કર્મચારીઓ કે અન્ય ધંધા રોજગારી સાથે સંકળાયેલા સમાજના ગાંધીનગર ખાતે રહેતા અનુસૂચિત જાતિના સર્વે સભ્યોના તેજસ્વી બાળકોનો સન્માન સમારંભ ૧૦મી જૂને યોજાશે. માર્ચ ૨૦૧૨માં ધોરણ-૧૦, ધોરણ-૧૨ અને સને ૨૦૧૧-૧૨માં કોઈપણ કોલેજમાં અભ્યાસપૂર્ણ કર્યો હોય તેવા બાળકોને સન્માનવામાં આવશે. આવા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી ૮મી જૂન ૨૦૧૨ સુધીમાં મહામંત્રી બી.એમ. ડાભીને બ્લોક નં. ૪૧/૮, છ ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે પહોંચતી કરવી એમ પ્રમુખ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરના ત્રિમૂર્તિ દત્ત મંદિરે ગુરુ લીલામૃત સ્વાહાકાર કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સેકટર-૨૮ના ત્રિમૂર્તિ દત્ત મંદિરના ૨૮મા પાટોત્સવના ઉપક્રમે ૩જી જૂનથી ૧૦મી જૂન દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગુરુલીલામૃતની ૮૦મી જન્મ જયંતિ પ્રસંગે તિલકવાડાના આચાર્ય કિરીટભાઈના વરદહસ્તે ગુરુ લીલામૃત સ્વાહાકાર શરુ કરવામાં આવ્યા છે. જેની પૂર્ણાહૂતિ ૯મી જૂન ૨૦૧૨ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે થશે.

પૂર્ણાહુતિના દિને રંગ પરિવાર, હાથીજણ તા. દહેગામ, તા.જિ. ગાંધીનગરથી ૨૮મી પદયાત્રા પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજનું સવારના ૯ કલાકે પાદુકાપૂજન થશે. ત્રિમૂર્તિ દત્ત મંદિર ગાંધીનગર ખાતે ધજા આરોહણ માટે પદયાત્રારૂપે રથ લઈને ગાંધીનગર ખાતેના મુકિતધામ સેકટર-૩૦ ખાતે મૃતાત્માઓને શ્રદ્ધાંજલિરૂપે સામુહિક દત્ત બાવનીના પાઠ કરીને વન ચેતના થઈને ઘ-૭ ખાતે તા. ૧૦મી જૂનના સવારના ૭.૩૦ કલાકે પહોંચશે. પદયાત્રીઓ સાથે ગુરુલીલામૃત સ્વાહાકારમાં ભાગ લીધેલા ૮૪ પારાયણાર્થીઓ પદયાત્રામાં જોડાઈને ગુરુલીલામૃતની પોથી સાથે ત્રિમૂર્તિ દત્તમંદિર સેકટર-૨૮ સુધી શોભાયાત્રા રૂપે જોડાશે. ત્યારબાદ મંદિર ખાતે ધજા આરોહણ બાદ દત્ત બાવની સ્વહાકારનો પ્રારંભ કરવામાં આવશે. આ પ્રસંગે નારેશ્વરના મેનેજીંગ ટ્રસ્ટી ધીરૂભાઈ જોષી, નારેશ્વરના આચાર્ય સર્વદમનભાઈ, અખિલ ભારત રંગ અવધૂત પરિવારના પ્રમુખ અંબાલાલ પટેલ, મંત્રી પ્રવીણભાઈ દવે તથા સેવા સદનના ટ્રસ્ટી ડૉ. ઈન્દુભાઈ દવે તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

દત્ત બાવની સ્વાહાકારની પૂર્ણાહૂતિ બાદ ગાંધીનગર શહેરની વિવિધ સ્કૂલોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર લાવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ રંગ પરિવારના બાળકોને મહાનુભાવોના વરદ હસ્તે શ્રી રંગ અવધૂત પારિતોષિકનું વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગરના નાગરિકોને તથા રંગ પરિવારના ભાઈ બહેનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

કોંગ્રેસ જુઠ્ઠાણા ફેલાવી દલિતોને ગુમરાહ કરવાનું બંધ કરે : ડૉ. જીવરાજ ચૌહાણ

અમદાવાદ, તા. ૬

છેલ્લા કેટલાક દિવસોથી ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાજી બાબતે કોંગ્રેસ પાર્ટીના કેટલાક છુપા નેતાઓ દલિતો અને મહિલાઓ બાબતે અમુક ટિપ્પણી કરી હતી તેવા હળાહળ જુઠ્ઠાણાઓ ફેલાવી રહ્યા છે, તેની સામે આજે ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. જીવરાજ ચૌહાણે તીખી પ્રતિક્રિયા આપી છે.

શ્રી ડૉ. જીવરાજ ચૌહાણે જણાવ્યું છે કે, તા. ૨૭ મે ના વર્કશોપમાં પોતે સંપૂર્ણ રીતે હાજર હતા. શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી દલિતો કે મહિલાઓ બાબતે કોઈપણ પ્રકારનો અસભ્ય શબ્દ બોલ્યા નથી. કોંગ્રેસ પાર્ટીએ જુઠ્ઠાણા ફેલાવવાનું બીદું ઝડપ્યું છે અને સરાસર જૂઠ ઉપર જૂઠ બોલી દલિતોના નામે રોટલા શેકવાનું શરૂ કર્યું છે.

ભાજપાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. જીવરાજ ચૌહાણે વધુમાં જણાવ્યું છે કે, શ્રી પરશોત્તમ રૂપાલાજી તેમની રાજકીય કારકિર્દીમાં હંમેશા દલિતોના હમદર્દ અને હમદોસ્ત બની રહ્યા છે.

ગુજરાત કોંગ્રેસમાં શ્રી રૂપાલાજી જેવા એક પણ નેતા નહીં હોય કે જેમને દલિતોની વસ્તીમાં જી આત્મીયતાથી દલિતોની ચિંતા કરી હોય અને તેમના ઘરમાં બેસીને ભોજન લીધું હોય.

શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી હંમેશા પોતાના પ્રવાસમાં દલિતોના ઘેર જવાનો આગ્રહ રાખે છે તેમજ દલિતોના વિકાસ માટે શું કરી શકાય તેની કાયમ ચિંતા કરે છે.

ગુજરાતની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે દલિતોદ્વારના અનેક પગલાંઓ લઈ ડૉ. આંબેડકરજીના સપનાઓને સાકાર કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે.

શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી જયારે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ હતા ત્યારે સુરેન્દ્રનગર ખાતે ૨૦૧૦ની ૨૬મી જાન્યુઆરીએ હાથીની અંબાડી ઉપર દેશના બંધારમને મુકી દલિતોને ગૌરવ થાય તેવું શ્રેષ્ઠ કાર્ય કરાવ્યું હતું. જયારે કોંગ્રેસે દલિતોની લાગણીઓ રૂકેરી કાયમ પોતાની મતબેંક ઉભી કરી દલિતો સાથે છળકપટ કરી છે અને હવે જયારે વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે દલિતોને ગુમરાહ કરવાની નાપાક કોશિષ કરી છે, તેની સામે ગુજરાતના દલિતો જોરદાર પ્રતિક્રિયા આપી કોંગ્રેસ પાર્ટીને ચૂંટણીમાં ધ્વસ્ત કરી નાંખશે, તેમ શ્રી ડૉ. જીવરાજ ચૌહાણે જણાવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

શબ્દાવલી - ૪૭૫૦



આડી ચાવી

૧. જાણીતુ, પોપ્યુલર (૪)
૫. ઓછું હોવું, ... હોવી (૩)
૮. ભૂમંડળમાં રહેલ વાયુનું આવરણ (૫)
૯. 'વાક' શબ્દ ઊંધો (૨)
૧૦. નકામુ, બરછડ (૨)
૧૧. લોયુ, એક પ્રકારનું વાસણ (૩)
૧૩. જેવી.... તેવી બરકત (૩)
૧૪. કચરો, પુંજો (૪)
૧૬. લગાવ, એક વિકાર (૨)
૧૭. કિંમતી (૪)
૧૯. .... ખાઈ જવું, હેતબાઈ જવું (૩)
૨૧. .... સંબંધી (૨)
૨૨. ભુંડ જેવું એક ચોપગું પ્રાણી (૩)
૨૩. તીખા કાળા દાણા (૨)

ઊભી ચાવી

૧. યાત્રા (૩)
૨. છતા, સવળા (૨)
૩. કલેજુ, કાળજુ (૩)
૪. પક્ષ તાણવો, ઉપરાણું (૫)
૬. એક પ્રકારની રીક્ષા (૩)
૭. કમબખ્ત, આફત (૩)
૧૧. કાગળ-કાપડનું વધારાનું કસ્તર (૪)
૧૨. ધર્મ (૪)
૧૪. મોહની વિદ્યા, ... કરવું (૪)
૧૫. ઓલિયો, સાધુ (૪)
૧૬. મરે નહિ તેવું (૩)
૧૮. ઋતુ, સીઝન (૩)
૨૦. સળિયા વગેરે ભરાવવાનો ગોળ આંકળિયો (૨)

શબ્દાવલી ૪૭૪૯ના જવાબ

આડી ચાવી :- (૧) અનુરાગ (૩) પ્રવાહ (૬) વડવાનલ (૮) ભલમનસાહી (૧૧) વખત (૧૨) લાંચ (૧૩) રોલ (૧૪) છલ (૧૫) ડખો (૧૬) કાનન (૧૭) પટુડાવેડા (૨૦) ચેડા

ઊભી ચાવી :- (૧) અનુભવ (૨) ગવન (૩) પ્રવાહી (૪) વાન (૫) હલનચલન (૭) ડસાવલ (૯) લખણખોરું (૧૦) મત (૧૨) લાંછન (૧૩) રોપવે (૧૫) ડપકુ (૧૮) ડાચુ (૧૯) ડારો

સમાચાર ઝલક

- કનોજ લોકસભાની પેટાચૂંટણીમાં ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન શ્રી અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ સામે કોંગ્રેસ ચૂંટણીમાં ઝુકાવશે નહીં.
- દિલ્હીમાં પવન સાથે ઝમાઝમ વરસાદ : દિલ્હીમાં ચોમાસાના આગમનની તૈયારીઓ.
- અમદાવાદના માણેક ચોકમાં ૯૨ વર્ષ જૂનું ઐતિહાસિક શેરબજારનું મકાન : કરોડો રૂપિયા વેચાણ કરવાનું સર્વાનુમતે નક્કી.
- નારી સંરક્ષણ ગૃહની દિવાલ કુદી બે કિશોરીઓ ફરાર : કર્મચારી સસ્પેન્ડ.
- નિર્મલબાબાને રાહત : ધરપકડ સામે હાઇકોર્ટનો પ્રતિબંધ.
- વિશ્વની અનોખી ખગોળીય ઘટના : શુક્રનું સંક્રમણ થયું.
- ગુજરાત ઓટો હબ તરફ વધુ એક કદમ : હાલોલમાં હીરો મોટોકોર્પ પ્લાન્ટ સ્થાપશે.
- નૌકાદળના નવા બનશે વાઇસ એડમિરલ શ્રી ડી.કે.જોશી.
- રાજકોટ કોર્પોરેશનના વિપક્ષી નેતા શ્રી કેયુર મસરાણીનું રાજીનામું : નશાબંધી કેસની નૈતિક જવાબદારી સ્વકારી.
- પશ્ચિમ બંગાળની નગરપાલિકામાં મમતાની લોકપ્રિયતા અકબંધ.
- નર્મદા બંધની ઊંચાઇ ૧૩૬.૬૪ મીટર સુધીની ટૂંકમાં મળનારી મંજુરી.
- અટી ફૂટના શંખ ઉપર તાંત્રિકવિધિમાં બબાલ, પૂજારી સહિત ચારને ઇજા, ભાવનગરના ભદ્રાવળ ગામનો બનાવ.
- તિરૂપતિ બાલાજી મંદિરમાં ૨૦૦ કરોડના વાળની નિકાસ કરવામાં આવી : ૪૫૦ ગ્રામ વાળનો ભાવ રૂા. ૩૦ હજાર બોલાયો.
- ચારધામને ફૂંકી મારવાની આતંકીઓની ધમકી : સુરક્ષામાં વધારો કરાયો.
- રાજકોટની સત્ય સાંઇ હાર્ટ હોસ્પિટલને સંસદ સભ્ય શ્રી અહેમદ પટેલના પ્રયાસોથી ૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા.
- રૂપિયાનો ભાવ ઘટતાં સિંગાપુર-ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ ૧૫ ટકા મોંઘો થયો.
- ભ્રષ્ટાચારીઓના ચામડા ચીરી નાખવાનો દાવો કરનાર રાજકોટના એક અખબારે આઇ કાર્ડ માટે રૂા. ૨૦૦૦/- લીધાનો આક્ષેપ : પત્રકારનો આપઘાતનો પ્રયાસ.
- માધવપુરા બેંકમાં ૧૦,૪૦૦ થાપણદારોના ૧૨૮ કરોડ ડૂબી જશે, ૧૫૦ બેંકોના ૬૫૦ કરોડ ફસાયા.
- યુવરાજ ટનાટન તૈયાર : છક્કા ફટકારવાની તૈયારી, મેડિકલ ટેસ્ટમાં સરળતાથી પસાર થયો.
- સૂરતમાં કતલખાના બંધ કરવાની લેખિત ખાત્રી ન મળતાં જૈન મુનિએ ફરી અનશન શરૂ કર્યું.

ધિરાણ ઘટતાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાના કેસોના ઝડપી નિકાલ માટે પણ તાકીદ કરવામાં આવી હતી.

તેમણે જિલ્લામાં મોટા ઉદ્યોગો ઓછી સંખ્યામાં હોવાથી કૃષિ અને કૃષિ આધારિત ઉદ્યોગોમાં ધિરાણ વધે તે પર વિશેષ ભાર મુક્યો હતો. કૃષિક્ષેત્રે ટર્મલોન, તેમજ અન્ય આનુષંગિક ધિરાણોમાં નબળી કામગીરીને લઈ આ ટકોર કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં બેંકીંગ ક્ષેત્રના વિકાસ તેમજ તેની કામગીરી અંગે આ બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લામાં આવેલ ૨૧૧ જેટલી શાખાઓમાં ૧૫,૯૦૨ કરોડ રૂ.ની ડિપોઝીટ ૩૧મી માર્ચ ૨૦૧૨ સુધીમાં નોંધાયેલી છે. જે ગત વર્ષની ૧૨,૬૧૬ કરોડ કરતાં પચ્ચીસો કરોડથી પણ વધુ થવા જાય છે. આની સામે જિલ્લામાં વિવિધ ક્ષેત્રે રૂ. ૮૧.૯૮ કરોડનું ધિરાણ બેંકો દ્વારા આપવામાં આવ્યું છે.

જિલ્લામાં ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં માર્ચ ૨૦૧૧ની તુલનામાં ૨ ટકા જેટલો વધારો થયો છે પણ ડિસેમ્બર અંતિત ત્રિમાસિક ગાળાની તુલનામાં તે ઘટાડો ૬ ટકા જેટલો નોંધાયો છે.

જિલ્લામાં કૃષિ ક્ષેત્રે બેંકો દ્વારા ખેડૂતોમાં જાગૃતિ આવે તે માટે ૧૩૨ જેટલી ફાર્મસકલબો ઉભી કરવામાં આવી છે તેમજ સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટે ધિરાણની સવલત જે મળે છે તેનો લાભ ખેડૂતોને મળે તે દિશામાં ચાલતી કામગીરીની વિગતો પણ આ બેઠકમાં રજુ થઈ હતી.

જિલ્લામાં આવાસ યોજનાઓમાં સમયસર લાભાર્થીઓને સહાયના ચેકો મળે તેમજ કિસાન ક્રેડિટ કાર્ડ વધુને વધુ ખેડૂતોને મળેતે માટે ખાસ અભિયાન યોજવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

સખી મંડળમાં એક્ટિવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સખી મંડળમાં કર્યો છે. આશ્ચર્યની વચ્ચે આ મહિલાઓએ દારૂ વેચવાનું બંધ કર્યું છે અને સામાજીક કાર્યમાં જોડાઇ છે.

ગુજરાતમાં ૧.૨૦ લાખ જેટલા સખી મંડળો ચાલે છે, જે જરૂરિયાત મંદ મહિલાઓને આર્થિક મદદ કરે છે. આ સખી મંડળોમાં ૨૦૦ કરોડ કરતાં વધારે રૂપિયાની બચત થઇ છે. આ મંડળોમાં આર્થિક વહીવટ માત્ર ને માત્ર મહિલાઓની પાસે છે.

જિલ્લા પોલીસે આગળ વધીને હવે શહેરોમાં ફુટ પેટ્રોલિંગ શરૂ કર્યું છે. આ પ્રકારનું પેટ્રોલિંગ પહેલાં નિર્ઝન જગ્યાએ થતું હતું. આમ કરવાનું કારણ આપતા પોલીસ અધિકારી કહે છે કે શહેરમાં પણ લોકોને એવું લાગવું જોઇએ કે પોલીસ તેમની સાથે છે. બાળકોને પોલીસ પ્રવાસે લઇ જાય છે. પોલીસ સ્ટેશનની મુલાકાત પણ કરાવે છે. ગાંધીનગર જિલ્લાના માણસામાં પોલીસે સ્કૂલોમાં રમતોત્સવનું આયોજન પણ કર્યું હતું. તાજેતરમાં જિલ્લાના માણસા ઉપરાંત કલોલ અને ગાંધીનગર જિલ્લાના ગામોની ૧૪ ટીમો વચ્ચે રમતો યોજવામાં આવી હતી અને તેમાં પોલીસ પણ ઉપસ્થિત રહે છે.

પોલીસ પ્રજાનો મિત્ર બની રહે તેવું સૂચન મુખ્યમંત્રીએ તેમના સદભાવના મિશનમાં કર્યું હતું. આ સૂચન પ્રમાણે જિલ્લાના પોલીસ વડાના માર્ગદર્શન પ્રમાણે પોલીસ સ્ટાફ મહિલાઓ અને બાળકોને પ્રોત્સાહિત કરી રહ્યો છે.